સૌની નિસ્બત

સલામત બાળપણ - સમૃધ્ધ બાળપણ

અંક : ૧ -એપ્રિલ / મે -૨૦૧૮

શૈશવ

પરિવર્તનનું નેતૃત્વ બાળકો દ્વારા



આપણા વ્યક્તિત્વની ઉત્પતિ આપણા વિચારોમાં છે.

આથી ધ્યાન રાખો કે તમે શું વિચારો છો,

શબ્દ ગૌણ છે,

વિચાર મુખ્ય છે અને તેની અસર લાંબાગાળા સુધી રહેતી હોય છે.

-સ્વામી વિવેકાનંદ

કોઈ એક શહેરના કોઈ એક સતામાં કોઈ એક બંગલે ઘરનાં અને આંગણાનાં બધાંય કામ નાના બાળકો કરે છે. કચરા-પોતા, વાસણ, ઝાપટ-ઝુપટ એ કરે છે. કપડા માટે વોશિંગ મશીન છે. નહિતર એ પણ નાનાં બાળકો જ ધોતાં હોત. આંગણુ એ વાળે છે જે કોઈ વનસ્પતિ છે તેને પાણી પાવાનુ કામ બાળકો કરે છે. વનસ્પતિની કયારીઓનુ વાંરવારનુ ખોદકામ અને નિંદણ એ કરે છે. બધા બાળકો નજીકની ગરીબ વસ્તીમાંથી આવે છે.

એક સજ્જને બંગલાના વડા ગૃહિણીને પૂછયું કે તમે નાના બાળકો પાસે કેમ કામ કરાવો છો? એ તો નૈતિક રીતે અને કાનુની રીતે ખોટું છે. ત્યારે ગૃહિણી બોલ્યાં કે બાપડા ગરીબના બાળકો બે પૈસા કમાઈ છે એમા તમને શો વાંધો છે? એ આખો દિવસ પથરા અને લખોટા ટીચે,જુગાર રમે, ગાળો બોલતા અને મારામારી કરતા શીખે, એને બદલે હું એમાંને કામ આપુ છું. થોડાક દામ આપુ છું એમના પરીવારની આવકમાં એટલો હિસ્સો આપુ છું. છોકરાઓને કહુ છું કે તમારા નિશાળની આગળ-પાછળના વખતમાં અહીં કામ કરવું આમા હું શુ ખોટું કરુ છું? અને... ગૃહિણીએ સૌથી અગત્યનો પ્રશ્ન કર્યો ‘આ બચ્ચાઓએ કામ કરવુ જ ન પડે, એથી સ્થિતિ પેદા કરવા માટે તમે શુ કરો છો?

અગત્યનો પ્રશ્ન, જવાબ આપતા પરસેવો વડી જાય એવો પ્રશ્ન. બાળકો એ કોઈપણ પ્રકારની મજૂરી કરવી ન પડે. એવી સ્થિતિ સમાજે અને શાસને પેદા કરી છે ખરી?

બાળમજૂરી ખરાબ જ છે. રમવા અને ભણવાની વયે, સ્વ-વિકાસ કરવાને સમયે બાળકો તનતોડ અને મન-માર મજૂરી કરે, એ સામે આપણને સૌને વાંધો છે જ. બાળમજૂરી વિરોધી ઝુંબેશ કમ-સે-કમ અર્ધી સદી જુની છે. સુખદેવ પટેલ, ફાલ્ગુન શેઠ આદી આર્દશવાદી દોસ્તોની બાળમજૂરી વિરોધી ઝુંબેશના અસંખ્ય ઉપક્રમોમાં ભાગીદાર બનવાનુ બન્યું છે. ગુજરાતના અને દેશના ઘણા મિત્રના પ્રતાપે ૧૯૮૬માં બાળમજૂરી નાબૂદી કાનૂન બન્યો હતો. એણે બાળમજૂરી નાબૂદ કરવા માટેની પ્રથમ પગલા ભર્યા હતા. એમાં બાળકની વ્યાખ્યા ૧૪ વર્ષ સુધી ના બાળકની કરેલી. પારિવારીક કામોમાં બાળકો સંકળાય તે ક્ષમ્ય ગણેલું

બાળકોના શિક્ષણને પોષક જોગવાઈ નહોતી. આ કાનૂનના અમલના અનુભવને આધારે તથા બાળપ્રેમીઓના આગ્રહોને લઈને ૨૦૧૨માં આ કાનૂનમાં સુધારો કરવામાં આવ્યો. એમાં ‘બાળક’ની વ્યાખ્યામાં ૧૪-૧૮ વય જુથનો પણ સમાવેશ કરવામાં આવ્યો. એટલે કે છેક ૧૮ વર્ષ સુધી બાળક પાસે મજૂરી કરાવી ન શકાય એવી જોગવાઈ થઈ . આ કાનૂનના ભંગ બદલ ત્રણથી બાર મહિના સુધીની કેદની અને રૂ.૧૦,૦૦૦/-થી રૂ.૨૦,૦૦૦/- સુધીના દંડની પણ જોગવાઈ કરાઈ.

પરંતુ ૨૦૧૪માં કેન્દ્રમાં જુદી વિચારસરણીની સરકાર આવી. એણે ૨૦૧૫માં પેલા ૨૦૧૨ના કાનૂનમાં સુધારા-વધારા કર્યા. આ ‘સુધારા’નાં નોંધપાત્ર પાસાં એ રહયાં કે પરિવારની ખેતીમાં જંગલો કે ઘરબારમાં મજૂરી કરવા દેવાય એવી જોગવાઈ કરવામાં આવી. નટ, બજાણિયા, મદારી જેવી મનોરંજનલક્ષી કામગીરીમાં બાળકો શ્રમ કરી શકે એવો ઠરાવ કરવામાં આવ્યો. માત્ર સરકસની જોખમી કામગીરી બાકાત રાખવામાં આવી. જે પરિવારો કશા ઉદ્યોગ ઉત્પાદનમાં વ્યસ્ત હોય એ પણ જો જોખમી (હિઝાદસ) ન હોય તો એમાં પણ બાળકો કામ કરી શકે એવી છુટ અપાઈ.

ટુંકમાં બાળમજૂરી માટે ઘણા ક્ષેત્રો ખોલી આપવામાં આવ્યાં. એ ખરું કે કાનૂનભંગ બદલ દંડની જોગવાઈ વધારવામાં આવી, પરંતુ એ માટે નાણાંના ઘટેલા મુલ્યને (ફુગાવાને) કારણરૂપ ગણી શકીએ. એટલુ ખરુ કે ગુનો સાબિત થાય તો વિશેષ સજા (એક વર્ષ અથવા એથી વધી ને ત્રણ વર્ષ) કરવાની જોગવાઈ થઈ.

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન દ્વારા ૨૦૦૯-૧૦માં તારવવામાં આવ્યું હતું કે ઉતરાખંડમાં ૩૫.૬૨% બાળકો મજૂરી કરવા મજબૂર હતા. અન્ય કેટલાક રાજ્યના આંકડા આ પ્રમાણે છેઃ પશ્ચિમ બંગાળ ૧૧.૦૭%, રાજસ્થાન ૮.૧૪%, ગુજરાત ૭.૮૪%, બિહાર ૫.૫૫% ટકા વગેરે. એકંદરે દેશમાં ૪૩ લાખ બાળકો મજુરી કરતાં હતાં. (૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે.) ૨૦૧૫ના 'સુધારા' વડે આ સંખ્યાઓ વધશે, શિક્ષણનો અધિકાર(રાઈટ એજયુકેશન)ને નુકશાન થશે અને એકંદરે રાષ્ટ્રીય નુકશાન થશે, એવું જાણકારોનું કહેવું છે.

આવી જોગવાઈઓથી તો 'દરેક બાળક ભણે ','બેટી બચાઓ, બેટી પઢાઓ' વગેરે જેવા સુત્રો ખોખરા ઠરે છે. આવી છુટ મળવાથી તો છોકરીઓને શાળામાંથી ખેંચી આણીને મજુરીએ જોતરવાનું સહેલું બને. પરિણામે છોકરીઓના ભણતરની ટકાવારી ઉલટાની ઓછી થાય. અમસ્તી પણ છોકરીઓ માટે અને ખાસ કરીને ગ્રામવિસ્તારો કે વનવિસ્તારની છોકરીઓ માટે ભણતર દોહ્યલું છે. શાળઓ દુર હોય અને વગડા વીંધીને કે નદીઓ પાર કરીને પહોંચવાનું હોય. ત્યાં વળી છોકરીઓ માટે અલગ ટોઈલેટની કે એવી સુવિધા ના હોય. આવી સ્થિતી છતાં, જો ભણતર ફરજીયાત હોય તો વડીલો દીકરીઓને ભણવા મોકલે. પરંતુ ખેતરોમાં, ગૃહઉદ્યોગમાં, નાના વેપારમાં છોકરીઓને જોતરવાની છુટ હોય તો પછી કયાં ગરીબ મા-બાપ દીકરીઓને દુર દુર ભણવા મોકલે?

૨૦૧૫નો એક 'સુધારો' બાળકોને 'રમતગમતને લગતા ઊદ્યોગો' (સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ)માં કામે રાખવાની છુટ આપે છે. અમે વાંચ્યું કે મેરઠ અને જલંધરના ફુટબોલ સાંધવાના/ સીવવાના ઉદ્યોગમાં કામ કરતાં બાળકો વિશે ૨૦૦૮માં આઈ.એલ.ઓ.(આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન) દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવેલો, જેમાં જણાવેલું કે મેરઠની આજુબાજુનાં ચાર ગામોનાં કુલ બાળકોમાં ૨૭ ટકા પુરા સમયના મજુર તરીકે ફુટબોલ ઉત્પાદન ઉદ્યોગોમાં સંકળાયેલાં હતાં. અમાં પણ ૨૭ ટકા જેટલી છોકરીઓ હતી. આ ઉદ્યોગ જરાય જોખમ રહીત ન ગણાય. અહીં અણીદાર સોયાથી બાળકોનાં આંગળાં વિંધાય છે; મીણ પાયેલી દોરીથી હાથમાં કાપા પડે છે; ઝાંખા પ્રકાશને કારણે આંખોને નુકશાન થાય છે.

આવાં અનેક 'પારીવારીક' કારખાનાં છે તો 'ઘરગથ્થું' ગણાતા અન્ય કેટલાક ઉદ્યોગ જોખમી છે. શતરંજીનું વણાટકામ, જરી-ભરત, કાચકામ, બંગડીઓ બનાવવાનું કામ, બીડીઓ વાળવી, ખાદી-વણાટનું કામ વગેરે ઘેર ઘેર હાથ ધરાતા ઉદ્યોગ જોખમી તો છે જ; અને ઘણીવાર નાના પાયા પરનાં કારખાનાંને 'પારીવારીક' ઠરાવી ને બાળકોને જોખમી કામમાં જોતરવવામાં આવે છે. આવા ઘણાખરાં નાનાં કારખાનાંઓમાં સ્વાસ્થ્યસંબંધી સુવિધાઓનો અભાવ હોય છે.

એકંદરે, ઉદ્યોગ, વ્યાપર,શ્રમ, શિક્ષણ, દરેક ક્ષેત્રે કાંઈક એવી પરિસ્થિતી નિર્માણ થતી જાય છે કે મધ્યમ અને ધનિક વર્ગ પોતાનાં બાળકોને માસિક દસ-પંદર હજાર રૂપીયાની ફી વાળી સમૃધ્ધ શાળાઓમાં ભણાવે અને એ દરમ્યાન લાખો કરોડો બાળકો શિક્ષણવંચિત રહે; અને એ રીતે પેલા 'ઉપલા' વર્ગના ઘરકામથી માંડીને કારખાનાં સુધી સસ્તા મજબુર મજુરો મળી રહે.

વાતો મોટી મોટી થાય છે :ભારતને દુનિયાનું ઉત્પાદન-કેન્દ્ર (મેન્યુફેકચરીંગ હબ) બનાવીશું! સુત્રો જોરશોરથી પોકારાય છે. સબ કા સાથ, સબકા કા વિકાસ !! પરંતુ વિકાસ મુઠીભરનો જ થાય છે. દરમ્યાનમાં, બાળમજુરી જ નહી, હર પ્રકારના મજુરો માટેના કાયદા વધારે ને વધારે માલીકતરફી બનાવવામાં આવી રહયા છે. અને વળી 'લેબર રીફોર્મ' એટલે તો સુધારો. અહીં તો કામદારો દષ્ટિકોણથી બગાડો થઈ રહયો છે. વળી, જે કંઈક થોડા ઘંણા કામદાર-હીતના કાનુનો અને નિયમો છે. એમના અમલીકરણની પણ સમસ્યાઓ ભ્રષ્ટાચારને કારણે ઉભી થાય છે જેમણે કાર્યસ્થળોનું સતત નિરીક્ષણ કરીને

કાનુનોનું પાલન કરાવાનુ છે. એવો અધિકારી વર્ગ પણ અસંખ્ય એવા લોકો ધરાવે છે જે એકાદ વાર કાર્યસ્થળે જઈને, 'ચા પાણી' કરીને વિદાય થઈ જાય છે. કાર્યસ્થળે બાળમજુરો છે કે કેમ અને એમની હાલત શી છે, એ કશુંય જુએ એટલા કર્તવ્યનિષ્ઠ નિરીક્ષકો કેટલીં?

જયારે લાખો-કરોડો બાળકો ભણવા વિકસવાની વયે કલાકો સુધી કાળી મજુરી કરવા મજબ્બુર બને ત્યારે એ બાળકોના માનસ-ઘડતરનું શુ? બાળપણના સઘળાં આનંદ, વાંચન, વિકાસ, સબંધો વગેરેથી વંચિત બાળકો મોટા થઈને કેવા બને? યત્રંમાનવ જેવા? સાવ અજ્ઞાન અને અંધશ્રધાળુ ? એકાદ સ્વાર્થી નેતા અગર કોઈ વ્યભીચારી 'સંત'ની વાતોમાં આવી જઈને કાળા કામ કરવા તત્પર? સામાજીક સંવેદનાઓથી વંચિત? સહેલાઈથી ગુસ્સે થઈ જનાર? સંસાર માંડયા પછી સ્ત્રી અને બાળકો તરફ સંવેદનાહીન રીત ર્વતનાર?

આમ, જેમના બાળપણ છીનવાઈ ગયાં છં અને વિકાસ અવરોધાઈ ગયો છે. એવા કરોડો કરોડો નાગરીકો વડે શું દેશ વિકાસ સાધી શકાશે? શું વિશ્વગુરૂ બનવાની આ ગુરૂચાવી છે?

(સૌજન્ય- શ્રી યશંવતભાઈ મહેતા 'ગુજરાત ગાર્ડીયન તા. ૨૯-૦૪-૨૦૧૮ ના અંકમાંથી સાભાર)



## ચાઈલ્ડ લાઈન

ચાઈલ્ડ લાઈન હેલ્પલાઈન-૧૦૯૮ દ્વારા એપ્રિલ અને મે મહિના દરમ્યાન થયેલ પ્રવૃતિઓ થયેલ નીચે મુજબ છે.

- ઘરશાળા સ્કુલના ૧૧૪૦ બાળકો સાથે ચાઈલ્ડ હેલ્પલાઈનની કામગીરી વિષેની માહિતી તા.૦૫/૦૪/૨૦૧૮ના રોજ આપવામાં આવી હતી. આ મીટીંગમાં વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો, પરિક્ષાનો ડર, નિષ્ફળતાથી લઈને શોષણ કે મારપીટના પ્રશ્નો, રસ્તામાં આવારા તત્વો દ્વારા થતી હેરાનગતી જેવા મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતાં.
- મે મહિના દરમ્યાન બાળકોને અલગ અલગ એરીયામાથી ચાઈલ્ડ લાઈન ટીમ મેમ્બર દ્વારા જઈને વિવિધ પ્રવૃતિઓ કરાવેલ. ઓપન હાઉસ તથા બાળકો સાથે એકટીવીટી દ્વારા બાળકોને જીવન કૌશલ્યની રમતો રમાડેલ અને બાળકોને સમયનો સદઉપયોગ કઈ રીતે કરવો તે પણ શીખવ્યું, તેમજ બાલસેના અને લોકશાળા દ્વારા યોજાયેલ વેકેશન કેમ્પના પૂર્ણાહુતી કાર્યક્રમમા ચાઈલ્ડ લાઈન ટીમે ભાગ લીધેલ અને બાળકોને નાટક પણ તૈયાર કરાવેલ જે બાળકોએ સરસ રીતે કરેલ. તેમા ૨૧૦ બાળકોએ ભાગ લીધેલ અને કુલ ૯૩૩ બાળકોને ચાઈલ્ડ લાઈનની કામગીરી અંગેની વાત કરેલ તથા કાઉન્સીલગં સેન્ટરની પણ વાત કરેલી અને તેમને મુઝવતા પ્રશ્નો હોય તો પણ તે હેલ્પ લાઈનની મદદ લઈ શકે છે. તેમ જણાવેલ
- ભાવનગર શહેરની ૧૨ આંગણવાડીના ૩૫૫ બાળકો  સાથે પ્રવૃતિઓ દ્વારા તથા વાલીઓ સાથે સીધા વાર્તાલાપ દ્વારા ચાઈલ્ડ લાઈનની કામગીરીની માહીતી આપવામાં આવી હતી.
- આઉટરીચ દ્વારા ભાવનગર નજીક અવેલ યાત્રાધામ કોળિયાક ગામમાં તા. ૧૧/૦૪/૨૦૧૮ના રોજ આઉટરીચ દ્વારા ચાઈલ્ડલાઈન ટીમના સભ્યો દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. આ દરમ્યાન ગ્રામપંચાયત, પોલીસ સ્ટેશન, હેલ્પ સેન્ટર, પોસ્ટ ઓફિસ વગેરેની મુલાકાત યોજનામાં આવી હતી.
- તા. ૨૯/૦૪/૨૦૧૮ના રોજ ચાઈલ્ડ આઉટરીચના આયોજન દ્વારા શહેરના આઠ વિસ્તારોને આવરી લેવામાં આવ્યા હતા.
- ચાઈલ્ડ વેરફેર કમિટીમાં સીંગલ પેરેન્ટના ૫ બાળકોના કેસની રજુઆત કરવામાં આવી હતી.
- તા. ૧૬ થી ૧૮ ભાવનગરના ૨૯૦માં જન્મદિવસ નિમિતે યોજાયેલ ગંગાજળીયા કાર્નીવલમાં  તા.૧૮/૦૪/૨૦૧૮ના રોજ કૈલાસ વાટિકા ખાતે ચાઈલ્ડ લાઈનના બધા ટીમ મેમ્બરોએ એકાદ હજાર ઉપરાંત પત્રિકા વિતરણ તથા ૫૦ નાના સ્ટીકરોનું વિતરણ કર્યુ હતું.
- એપ્રિલ તથા મે  મહિના દરમ્યાન ભાવનગર ચાઈલ્ડ લાઈન દ્વારા  આઉટ રીચ દરમ્યાન ૪ કેસ, ૧૦૯૮ માં ફોન દ્વારા ૪૩ કેસ નોધાયા હતા. જેમા મુખ્યત્વે મેડીકલ શેલ્ટર,ઈમોશનલ સાર્પોટ અને ગાઈડન્સ, સરકારી યોજનાઓ સાથે લીંક માટે તથા એબ્યુઝ સામે રક્ષણ અને અભ્યાસના પ્રશ્નોના  કેસ હતાં.




## બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

એપ્રિલ તથા મે ૨૦૧૮ દરમ્યાન બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રના ઉપક્રમે થયેલ પ્રવૃતિઓ નીચે મુજબ છે.

શૈશવ સંસ્થાના કાર્યકરો સાથે

- શૈશવમાં નવા કાર્યકર ભાઈ-બહેનો સાથે ગત માસમાં ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજીયા પછી ફિલ્ડવર્ક તથા વિવિધ વિસ્તારોની મુલાકાતો યોજવામાં આવી હતી.આ ઉપરાંત બાળકો સાથે 'જીવનકૌશલ્ય' અંગેના ૪ દિવસના આગામી કેમ્પની પ્રવૃતિઓ અંગે તાલીમ યોજવામાં આવી હતી, તેમજ આગામી વેકેશન કેમ્પની પૂર્વતૈયારીઓ અને પ્રવૃતિઓની તાલીમ પણ યોજવામાં આવી હતી.
- સંસ્થાના કાર્યકરો સાથે ફેલો તરીકે જોડાયેલ મૈત્રીયીબહેને ૭ થી ૧૨ એપ્રિલ દરમ્યાન રોજ બે કલાક કાઉન્લીંગના કૌશલ્યો વિષે ફિલ્મ અને પાવરપોઇન્ટની મદદથી તાલીમ યોજી હતી.

અન્ય સંસ્થાઓ સાથે તાલીમ

- તા ૨ થી ૪ એપ્રિલ દરમ્યાન સર્વોદય પરિવાર સંસ્થા, ખડકી, જિ. વલસાડના, ૫૦ ઉપરાંત બાળકો સાથે વિવિધ તાલીમ શૈશવના કાર્યકર શ્રી અલ્પેશભાઈ, વૈશાલીબહેન, મનીષાબહેન તથા ધીરજભાઈએ આપી હતી.
- ૨૨ એપ્રિલના રોજ ઓરીના ફાઉન્ડેશન બાવળાના ૨૦ ઉપરાંત કાર્યકર ભાઈ-બહેનોને બાળઅધિકાર તથા બાળકોના કાયદા ખાસ કરીને પાકસો એક્ટ અંગેની તાલીમ પારૂલબહેન તથા ફાલ્ગુનભાઈએ આપી હતી.

- ૨૬ અને ૨૭ એપ્રિલના રોજ નિયમિત તાલીમના ભાગરૂપે વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર, સેવા-રૂરલ ગુમાનદેવના ૧૪૦ ઉપરાંત વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય તાલીમ શૈશવમાંથી ફાલ્ગુનભાઈ અને અલ્પેશભાઈએ આપી હતી.
- ૨૫ એપ્રિલના રોજ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના ગજેરા ગામ સ્થિત અતાપી સેવા ફાઉન્ડેશનની કામગીરી સમજાવા તથા બાળ પ્રવૃતિઓમાં શૈશવ કેવી રીતે મદદરૂપ થાય તે અંગેની પ્રત્યક્ષ મુલાકાત શૈશવમાંથી ફાલ્ગુનભાઈ તથા અલ્પેશભાઈએ લઈ ચર્ચા કરી હાતી.
- નેશનલ એકશન કોઓર્ડિનિશન ગ્રુપ અગેઈસ્ટ ચાઇલ્ડ વાયોલન્સ શાર્ક (દેશોની પહેલ) ૨૩ એપ્રિલના રોજ દિલ્હી ખાતે યોજાયેલ એકઝીક્યુટીવ મીટીંગમાં પારૂલબ્હેન ઉપસ્થિત રહયા હતાં.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ મે મહિના દરમ્યાન અનેક પ્રવૃતિઓની વચ્ચે શૈશવના કાર્યકરોએ વર્ષ ૨૦૧૮-૧૯નું વાર્ષિક આયોજન સાથે મળીને કર્યુ હતું, અને ૨૬ મેના રોજ શૈશવના/ટ્રસ્ટીઓની મીટીંગમાં રજુ કરી ચર્ચા કરી હતી.
- ૩૦ મે ના રોજ ભાવનગર મેડીકલ કોલેજના પોસ્ટ ગ્રેજયુએટ મેડીકલ વિદ્યાર્થીઓના ઓરીએન્ટેશન પ્રોગ્રામ દરમ્યાન કમ્યુનિકેશન, ટીમ બિલ્ડીંગ તથા તણાવ મુકત રહેવા માટે મૈત્રીની રમતો દ્વારા ચર્ચા કરવામાં આવી હતી, જેમા ૨૭ મેડીકલ સ્ટુડન્ટ જોડાયા હતાં.









## બાલસેના

એપ્રિલ તથા મે ૨૦૧૮ દમ્યાન બાલસેના કાર્યક્રમમાં થયેલ પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- ૨૨ થી ૨૫ એપ્રિલ દરમ્યાન બાલસેના કાઉન્સીલના ૫૮ બાળકો સાથે કલાના માધ્યમથી જીવનકૌશલ્ય અંગેની વિશેષ તાલીમ માટેની શિબીર દરિયા કિનારે આવેલ ગ્રામ (દક્ષિણામૂર્તિ મણારના સહયોગથી તેઓના કેમ્પસમાં યોજવામાં આવી હતી.આ શિબિરમાં બાળકોના કેટલાક વાલીઓ પણ જોડાયા હતાં. આ તાલીમ શૈશવમાંથી નિલમ બહેન, અલ્પેશભાઈ અને દક્ષાબહેને આપી હતી.
- આગામી બે મહિનાના વેકેશન કેમ્પને ધ્યાનમાં લઈ પૂર્વતૈયારીના અનુસંધાનમાં ૨૭ એપ્રિલથી ૩ મે સુધી પર્યાવરણના મુદ્દાને કેન્દ્રમાં રાખી કાર્યકરો તથા સક્રિય બાળકોના ગ્રુપ સાથે પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ, ઓરોગામી, જીવન કૌશલ્યો શીખવતી રમતો વગેરે પ્રવૃતિઓની તાલીમ યોજવામાં આવી હતી.
- એપ્રિલ માસ દરમ્યાન બાલસેનાના ૫૩૩ બાળકો સાથે પરિક્ષાની પૂર્વતૈયારીઓ અને તણાવરહિત આયોજન અંગે તાલીમ યોજવામાં આવી હતી.
- બાળ અધિકાર અને વિકાસના ક્ષેત્રે કાર્યરત શૈશવ સંસ્થા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે ૮ મે થી ૩૦ મે સુધી વેકેશન શિબિર શહેર ના કુંભારવાડા, ચિત્રા, ફૂલસર, ખેડુતવાસ, અકવાડા, વગેરે વિસ્તારોમાં બાલસેનાના બાળકોના ઘર આંગણે સ્વચ્છ પર્યાવરણની થીમ લઈને પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ, પેપરક્રાફ્ટ,જીવનકૌશલ્યોનું શિક્ષણ આપતી મૈત્રીની રમતો, ભાવનગર દર્શન તથા બાળફિલ્મો સાથે યોજવામાં આવી હતી. જેનો ૨૦૦ ઉપરાંત બાળકોએ લાભ લીધો હતો. આ વેકેશન કેમ્પનો પૂર્ણાહૂતિ કાર્યક્રમ ૩૦ મે ના રોજ શ્રી દોલત અનંત વળિયા સ્કુલના ઉમદા સહયોગથી તેઓના પ્રાંગણમાં શ્રી સર્વદમનસિંહ રાણાના મુખ્ય મહેમાનપદે યોજવામાં આવ્યો હતો, જેમાં બાળકોએ દેશભકિત ગીતો, બાળકોની સમસ્યા તથા ટ્રાફિકની સમસ્યા પર નાટકો રજુ કર્યા હતાં. આ પ્રંસગે શ્રી સર્વદમનસિંહજી એ સ્વાતંત્ર્યવીર અને સોશયિલષ્ટ મુવમેન્ટ માટે દેશ બહાર રહી સક્રીય પ્રદાન કરનાર શ્રી સરદારસિંહજી રાણાના જીવન-કવન વિષે વાતો કરવા ઉપરાંત બાળકોને ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવી સૌને પ્રોત્સાહિત કર્યા હતાં.
- બાળકોના વિકાસ માટે કાર્યરત શૈશવ સંસ્થા દ્વારા કિશોરીઓના સશકિતકરણ અને સામર્થ્ય વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે, તેમાં પણ ખાસ કરીને સ્વરક્ષણ અને સલામતી માટેનો વિશેષ આંતરરાષ્ટ્રીય અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે તેમજ તે માટેના તાલિમકારો તૈયાર કરવાનું કાર્ય પણ કરવામાં આવે છે.

હાલમાં વેકેશન દરમ્યાન શહેરના જુદા-જુદા વિસ્તારની વિવિધ ઉંમરની જુથની ૧૯૦ કિશોરીઓને સ્વરક્ષણ અંગેની વિશેષ તાલિમ શૈશવ સંસ્થાના ફેસીલીટેટર દ્વારા આપવામાં આવી હતી. અને આ તાલિમ હવે ઝુંબેશ સ્વરૂપમાં સમગ્ર વર્ષ દરમ્યાન આપવાનું કાર્ય પણ હાથ ધરવામાં આવ્યું છે.




શૈશવ- બી-૩, સરદાર પટેલ મ્યુનિ.શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ,ભાવનગર-૩૬૪૦૦૧,
ફોન-૦૨૭૮-૨૫૬૮૫૬૧
email-info@shaishavchildrights.org
www- shaishavchildrights.org